D.Y.D.O – ૯૫૭૪૬૭૮૪૦૧
ઓફિસ:- ૦૨૬૧- ૨૪૬૫૮૦૮

ક્રમાંક/ જરગઅ/૨૪૭૪ થી ૨૫૨૩/ ૨૦૧૯-૨૦
જિલ્લા રમતગમત અધિકારીની કચેરી,
C/O જિલ્લા યુવા વિકાસ અધિકારી ની કચેરી,
જુની સિવિલ કોર્ટ બિલ્ડીંગ, પહેલો માળ,
નાનપુરા, સુરત-૩૯૫૦૦૧
તા.૦૪/૦૯/૨૦૧૯

પ્રતિ ,
આચાર્યશ્રી,પ્રાથમિક,માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓ સુરત શહેર તમામ
આચાર્યશ્રી,કોલેજ તમામ-સુરત શહેર
પ્રમુખશ્રી / મંત્રીશ્રી,કલા સંસ્થાઓ તમામ સુરત શહેર

વિષય:- (૧)સુરત શહેર યુવા ઉત્સવ(લોક નૃત્ય અને એકાંકી) સ્પર્ધામાં ભાગ લેવા બાબત
(૨)સુરત શહેર બાળ પ્રતિભા શોધ(લોક નૃત્ય) સ્પર્ધામાં ભાગ લેવા બાબત
(૩)સુરત શહેર બાળ નાટક, નૃત્ય નાટિકા સ્પર્ધામાં ભાગ લેવા બાબત
(૪)સુરત શહેર નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધામાં ભાગ લેવા બાબત

શ્રીમાન,

કમિશ્નરશ્રી યુવક સેવા અને સાં.પ્રવૃત્તિઓ ગાંધીનગરના તાબા હેઠળની જિલ્લા યુવા વિકાસ અધિકારી સુરતની કચેરી દ્વારા યોજાનાર જિલ્લા કક્ષા યુવા ઉત્સવ સ્પર્ધા,જીલ્લા બાળ પ્રતિભા શોધ(લોક નૃત્ય) સ્પર્ધા,જીલ્લાકક્ષા નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધાતથા જીલ્લા કક્ષા બાળ નૃત્ય નાટીકા સ્પર્ધા નીચે જણાવેલ વિગતે યોજાનાર છે,ભાગ લેનાર કલાકાર સંસ્થાઓએ તા.૧૧/૦૯/૨૦૧૯ ના રોજ દર્શાવેલ સ્થળે જણાવેલ સમયે ઉપસ્થિત રહેવા જણાવવામા આવે છે.

**સ્થળ :-** વલ્લભાચાર્ય કોમ્યુનીટી હોલ,મનમોહક આઇસ્ક્રીમની બાજુમાં,હિરાબાગ ૨ એ.કે રોડ,બી.આર.ટી.એસ. રોડ.

**સમય પત્રક**

| ક્રમ | સ્પર્ધાનુ નામ | વિભાગ | સમય | સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | લોકનૃત્ય(બાળ પ્રતિભા,યુવા ઉત્સવ) | ખુલ્લો | ૮:૩૦ થી ૧૧:૦૦ | વલ્લભાચાર્ય કોમ્યુનીટી હોલ,મનમોહક આઇસ્ક્રીમની બાજુમાં,હિરાબાગ-૨ એ.કે રોડ,બી.આર.ટી.એસ. રોડ |
| ૨ | નવરાત્રી રાસ-ગરબા | ખુલ્લો | ૧૧:૦૦ થી ૧૨:૩૦ | |
| ૩ | બાળ નાટક, નૃત્ય નાટિકા | ખુલ્લો | ૧:૦૦ વાગ્યાથી | |
| ૪ | એકાંકી (યુવા ઉત્સવ) | ખુલ્લો | ક્રમશ: | |
| ૫ | ભરતનાટયમ<br>કથ્થક<br>ઓડીસી<br>કુચીપુડી<br>મણીપુરી | અ/બ<br>અ/બ<br>ખુલ્લો<br>ખુલ્લો<br>ખુલ્લો | સાંજે-૫:૦૦ કલાકે | |

નોંધ :- લોકનૃત્ય(બાળ પ્રતિભા,યુવા ઉત્સવ) બનેની સ્પર્ધા સાથે રહેશે.લોકનૃત્યના કલાકારોએ તૈયાર થઇને સવારે ૮:૦૦ કલાકે રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશે.

- નવરાત્રી રાસ-ગરબા હરીફાઇ ના કલાકારોએ સવારે ૧૦:૦૦ કલાકે રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશ.સૌ પ્રથમ પ્રાચીન ગરબા, ત્યાર બાદ રાસ અને ત્યાર બાદ અર્વાચીન ગરબાની રજૂઆત કરવાની રહેશે.

Scanned by CamScanner

- બાળ નૃત્ય નાટીકા ના કલાકારોએ બપોરે ૧:૦૦ કલાકે આવવાનુ રહેશે.રજીસ્ટ્રેશન કરવ્યા પછી જ રજુઆતનો ક્રમ આપવામાં આવશે.
- એકાંકીના કલાકારોએ સાંજે ૬:૦૦ કલાકે રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશે. અહીથી સાઉન્ડ અને સ્ટેજની વ્યવસ્થા આપવામાં આવશે તે સિવાયની તમામ વ્યવસ્થા સ્પર્ધક સંસ્થાએ કરવાની રહેશે (સેટ અપ,ડ્રેસ,લાઇટીંગ વગેરે).
- દરેક સ્પર્ધામાં રીસેપ્સન કાઉન્ટર પર ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશે.
- નિર્ણાયકોનો નિર્ણય આખરી રહેશે. અને બંધન કર્તા રહેશે જેને કોર્ટમાં પડકારી શકાશે નહી.કોઇ પણ પ્રકારની દલીલ તકરાર કે ગેર શિસ્ત કરવી નહી અન્યથા જે-તે સંસ્થાને બરતરફ કરવામાં આવશે.
- સ્થળ અને સમયમાં ફેરફાર કરવાનો અધિકાર આયોજકોનો રહેશે.

આપનો વિશ્વાસુ

જિલ્લા યુવા વિકાસ અધિકારી
સુરત

<u>નકલ સવિનય જાણ સારૂઃ-</u>

(૧).માન.કલેક્ટરશ્રી સુરત

(૨).માન.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સુરત

(૩). શાસનાધીકારીશ્રી .નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત.

Scanned by CamScanner